મહારાજાનું આમંત્રણ



કિંમત ૩ પૈ

મહારાજાનું આમંત્રણ

જગતમાં વસનારી સર્વ દેશજાતિઓમાં જમણ, ખાણું અને ન્યાતવરા આનંદજનક અને માનપ્રદ છે. જ્યાં કહીં જમવાનું હોય છે ત્યાંથી જમણની તિથિ પહેલાં ઘણા દિવસથી નહોતરાની રાહ જોવામાં આવે છે. શાનું શાનું જમણ કરવાનું છે તેની પણ મનમાં આકાંક્ષા ઉત્પન્ન થાય છે. ઘણાંખરાં તો અગાઉથી ક્ષુધાતુર થઇ જાય છે. જમવા જવાના દિવસે તેઓ સારાં સારાં કપડાં તથા સોનારૂપાનાં કીમતી ઘરેણાં-ગાઠાં પહેરી જવાની તૈયારીઓ કરી રહે છે. પરંતુ ખાસ પ્રસંગ વગર જમણ કરવામાં આવતું નથી; જેમકે કોઇને ત્યાં લગ્નનો પ્રસંગ હોય, કોઇને ત્યાં દૂર દેશથી ઘણી મુદતે સગાંસ્નેહીઓનું આવવું થયું હોય, કોઇની વરસગાંઠનો દિવસ હોય, વગેરે. કંઇ પણ ખાસ મંગળમય પ્રસંગ હોય ત્યારેજ જમણવારો કરવામાં આવે છે; અને ત્યારેજ જમણવારનું આમંત્રણ ફેરવવામાં આવે છે. તે સિવાય મિત્રોમાં પરસ્પર ગાઢો સંબંધ જોડવાને માટે પણ કોઇક વાર જમણ કરવામાં આવે છે, કોઇક વાર જનસમાજમાં પોતાની મોટાઇ જણાવવાને માટે પણ જમણવાર કરવામાં આવે છે. એમ ન્યાતમાં, મિત્રોમાં અને સગાસંબંધીઓમાં જમણવારો કરવાના અનેક ખાસ પ્રસંગો હોય છે. પરંતુ કોઇક વાર એમ પણ બની આવે છે કે, કેટલાક સદ્‌ગૃહસ્થો મનની ઉલટથી મોટું જમણ કરે છે, જેમાં ન્યાતજાતનો, સગાંસંબંધીનો, ઉંચનીચનો, વેરી કે મિત્રનો કંઇ પણ ભેદ રાખ્યા સિવાય મનુષ્યમાત્રને જમવાનું આમંત્રણ આપવામાં આવે છે. એવા એક ઉત્તમ જમણવારની સુવાર્તા હું તમને જણાવવા ચાહું છું; તે સાંભળો:—

એક વખતે કોઇ એક સદ્‌ગૃહસ્થે પોતાનાં સર્વ ઓળખીતાંઓને પ્રેમભાવથી અને મનની ઉલટથી જમણ આપવાનો નિશ્ચય કર્યો, અને ઘણાંઓને નહોતર્યાં. નિર્મિત તિથિ આવ્યા પહેલાં ઘણો શ્રમ તથા કષ્ટ ઉઠાવીને અને ખર્ચાળ કિમ્મત આપીને ખાનપાનની, રાચરચીલાની, અને બેઠકોની સર્વ સામગ્રી જમણ આપનાર સદ્‌ગૃહસ્થે તૈયાર કરાવી, અને નહોતરાએલાંઓને તેડવાને પોતાના દાસને મોકલ્યો. આ પ્રસંગથી શેઠના

મનમાં જે આનંદ થતો હતો તેને લીધે દાસનું મન પણ આનંદથી ઉભરાવા લાગ્યું; અને આનંદના ઉભરામાં દોડી જઇને નહોતરાએલાંઓને તે કહેવા લાગ્યો કે, "ચાલો, ચાલો, સઘળું તૈયાર થયું છે. ઘરધણીએ મને તમ સર્વને તેડવા મોકલ્યો છે." પરંતુ ઘરધણી વિરૂદ્ધ જેઓએ અગાઉથી માહોમાંહે ગોષ્ઠી કરી રાખી હતી, તેઓમાંથી એકે બાનું કાઢયું કે, "મેં જમીન રાખી છે, તે હું જોવા જાઉં છું; "બીજાએ બાનું કાઢયું કે, "મેં બળદ રાખ્યા છે, તેઓને પારખવા હમણાં હું જાઉં છું;" અને ત્રીજાએ કહ્યું કે, "હું સ્ત્રી પરણ્યો છું, માટે મારાથી નહિ આવી શકાય." એક કવિએ કહ્યું છે, "ગાણું ગળાની માંય, ઉલટ વિના આવે નહિ, ભાણું ખોળાની માંય, ભૂખ વિના ભાવે નહિ." ખરેખર જ્યાં મન નથી, ભાવ નથી, ત્યાં નહિ જવાનાં કેટલાં બધાં બાનાં મળી શકે? કહેવત છે કે, "ન નાચવું તેને આંગણું વાંકું." આવા હેત રાખનાર સદ્‌ગૃહસ્થ પ્રત્યે કેટલા બધા ભુંડા લોકોની બુરી દાનત દેખાય છે! જમણ કરનારનો શ્રમ, પૈસો તથા જમણવાર બગડે, અને તેમનું અપમાન થાય, એજ તેમની દુષ્ટ ઇચ્છા દેખાય છે.

આમંત્રણ ફેરવનાર દાસ નિરાશ થઇને પોતાના ધણી પાસે જઇને ખબર આપે છે કે, "નહોતરાએલાંઓ આપના જમણના આમંત્રણનો સ્વીકાર કરતાં નથી." એ સાંભળી સદ્‌ગૃહસ્થને ગુસ્સો તો ચઢયો; અને આવું થાય ત્યાં કોને ગુસ્સો ન ચઢે? પરંતુ પોતાનું વાળુ ન બગડે માટે તેણે બીજી ગોઠવણ કરી. તેજ દાસને ફરી એજ કામ સોંપતાં તેણે કહ્યું કે, "શહેરના રસ્તાઓમાં તથા ગલીઓમાં જલદી જઇને દરિદ્રીઓને, અપંગોને, આંધળાંઓને તથા લંગડાંઓને અહીં તેડી લાવ." એમ કર્યા પછી તે દાસે શેઠને કહ્યું કે, "સાહેબ, આપના હુકમ પ્રમાણે કરવામાં આવ્યું છે, ને હજી પણ જગા છે." શેઠે દાસને કહ્યું કે, "સડકે તથા ગલીએ જઇને જે મળે તેઓને આગ્રહ કરીને તેડી લાવ કે મારૂં ઘર ભરાઇ જાય, કેમકે હું તને કહું છું કે, પેલાં નહોતરાએલાં માણસોમાંનું કોઇ પણ મારૂં વાળુ ચાખશે નહિ."

ઉપરોક્ત જમણવારની પ્રેમભરેલી વાર્તા બાઇબલમાં લુકરચિત સુવાર્તામાં અધ્યાય ૧૪; ૧૫–૨૪માં આવે છે, અને આ ઉપયોગી વાર્તા જગત્રાતા ઇસુએ સ્વર્ગીય ભોજનની ઉપમારૂપે વર્ણવી છે.

સ્વર્ગીય ભોજન તે શું હશે?—ઘણાં મનુષ્યો આ દુનિયામાં રહીને મોક્ષ પામવાની આકાંક્ષા રાખે છે. જીવનના કલ્યાણને અર્થે જીવન, જીવન, સદાકાળનું જીવન, એવી હાય મારતાં તેઓ ફરે છે,—એક જણ એવી હાય મારતાં કહે છે કે, "જેમ પાણીનાં નાળાંને સારૂ હરણ તલપે છે, તેમ, હે દેવ, તારે સારૂ મારો આત્મા તલપે છે." એવા લોકો આત્મામાં તૃપ્ત થાય છે, એ સ્થિતિ અને તૃપ્તિ તેજ સ્વર્ગીય ભોજન છે. તે કેટલું બધું આનંદજનક છે! આવી તૃપ્ત થએલી એક બાઈ આનંદના ઉભરામાં બોલી ઉઠે છે કે, "તે મને મીજબાનીના ઘરમાં લાવ્યો, હું તેની છાયા નીચે બેસીને આનંદ પામી; ને તેના ફળનો સ્વાદ મને મીઠો લાગ્યો." દેવનો પુત્ર ઈસુ ખ્રીસ્ત જે આ જગતના પાપીઓના બદલામાં ઉભો રહ્યો, જે પોતાનું સંપૂર્ણ બલિદાન આપીને પોતા પર વિશ્વાસ કરનારને તેનાં પાપની ક્ષમા પમાડે છે, અને દેવના કુટુંબના ગણમાં તેને ગણી લે છે, એજ સ્વર્ગીય ભોજન છે. દૈહિક ભોજનને માટે શ્રમ ઉઠાવવો પડે છે; પરંતુ આ સ્વર્ગીય ભોજન એવું નથી, તેને માટે શ્રમ ઉઠાવવાનો નથી, "સઘળું તૈયાર છે." ભોજનગૃહ પર આવો લેખ લખેલો છે કે, "જેની પાસે કંઇ પણ નાણું નથી તે તમે આવો, વેચાતું લો અને ખાઓ; વળી આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષરસ તથા દૂધ વેચાતાં લો." ઘણાં માણસો દેહકષ્ટ પર, તીર્થયાત્રા પર, મંત્રતંત્ર પર, ગંગાસ્નાન પર અને સ્વપુણ્ય પર તારણપ્રાપ્તિને અર્થે અવલંબે છે; પરંતુ આ ભોજન તો મફત પીરસવામાં આવે છે. "જે કોઇ ચાહે તે આવે, ને જીવનનું પાણી મફત લે."

જે સદ્‌ગૃહસ્થ આ ભોજન આપે છે તે તો ઇશ્વર છે. જ્યારે કોઇ મોટો માણસ પોતાને ત્યાં કોઇને જમવા તેડે છે ત્યારે તેને કેટલો બધો આનંદ થાય છે! તેમજ તેના પર તેનો કેટલો બધો પ્રેમ છે, તે પણ એ પ્રસંગે તે આંકે છે. પરમેશ્વર જે પૃથ્વી પરના રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ છે તે, સ્વર્ગીય ભોજન, હા, રાજભોજન જમવાને મનુષ્યમાત્રને તેડે છે, એ કેટલો વિશેષ આનંદદાયક તથા સ્મરણમાં રહેવા લાયક બનાવ છે! જેમને ઇશ્વર આ સ્વર્ગીય ભોજન (તારણની વાત) લેવા બોલાવે છે, તેમની કંઇ લાયકી, હોશિયારી, જ્ઞાતિ, દ્રવ્ય કે જ્ઞાન

જોઇને તે આમંત્રણ આપે છે એમ નથી. યહુદી લોકો એવો દાવો કરતા હતા કે અમોજ પસંદ કરાએલી પ્રજા છીએ, અને બીજા લોકો તો આ ભોજનથી વેગળા છે, અથવા આ દેશમાં મનાતી ઉંચ કોમ એમ ધારતી હોય કે, અમો બીજાઓના કરતાં શ્રેષ્ઠ છીએ, અધમ ગણાતા લોકો અમારી પંક્તિમાં આવી ન શકે. પરંતુ બીજા કરતાં પોતાને ઉંચ માનતા એવા લોકોનેજ ઉપરોક્ત સદ્‌ગૃહસ્થનો દાસ આમંત્રણ આપે છે, એમ નથી. જુઓ તો ખરાં કે કેવા લોકોને તે આમંત્રણ આપે છે! આંધળાં, લુલાં, લંગડાં, એવાંઓને. પરમેશ્વર જે રાજા છે તેની આગળ ઉંચ કે નીચ, યહુદી કે વિદેશી, એવો કંઇ ભેદ નથી. પાપે કરીને સર્વ મનુષ્યો આત્મિક રીતે આંધળાં, લુલાં, લંગડાં તથા અનેક રીતે અશક્ત થઇ ગએલાં છે. જેમ આંધળો માણસ કંઇ દેખી શકતો નથી, તેમ આત્મિક બાબતે આંધળાં માણસો ઇશ્વરને કે તેનાં કામને દેખી શકતાં નથી, અને તેથી તેઓ તેને ઓળખતાં પણ નથી. વળી જેમ લુલાં, લંગડાં તથા હરકોઇ રીતે અપંગ થએલાં કંઇ પણ કરવાને અશક્ત છે, તેમજ આત્મિક બાબતે અપંગ માણસો ઇશ્વરની સેવા કરવાને અને ઇશ્વરનો મહિમા દર્શાવવાને અશક્ત છે. પોતાના આત્માનું કલ્યાણ કે સદ્‌ગતિ કરવાને કોઇનામાં કંઇ તાકાત નથી. દેવ પોતાની નરી પ્રીતિને લીધે તારણરૂપી ભોજન આપે છે. જેમનામાં પુણ્યરૂપી કશો બદલો વાળી આપવાની શકિત નથી, એવાં લાચાર ભૂખ્યાં મનુષ્યને ઈશ્વર પ્રેમમય દૃષ્ટિથી આમંત્રણ આપે છે. ઇશ્વરની પ્રીતિનો અનુભવ પામેલો એક જણ કહે છે કે, "યહોવાહના મારા પર થએલા ઉપકારનો શો બદલો હું તેને આપું? હું તારણનો પ્યાલો લઇને યહોવાહના નામને વિનંતી કરીશ." મનુષ્યને પોતાનું તારણ કરવાની શક્તિ નથી, એ જાણીને ઇશ્વરે સ્વર્ગીય ભોજનરૂપ પોતાના પુત્ર પ્રભુ ઇસુનું દેહાર્પણ તૈયાર કર્યું છે, જે અમૂલ્ય અને અખંડિત છે, જેને પમાડવા ઈશ્વરના સેવકો પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી આમંત્રણ આપી રહ્યા છે કે, "ચાલો, હમણાં બધું તૈયાર થયું છે."

ભોજનમાં ભાગ નહિ લેવાનાં બાનાં.—સદ્‌ગૃહસ્થે જ્યારે પોતાના દાસને મોકલીને નહોતરાએલાંઓને "ચાલો, સઘળું તૈયાર થયું

છે" એવું કહેવડાવ્યું, ત્યારે તેની પ્રત્યે જેઓ બેપરવા નજરે જોનાર હતાં, અગર તેનું જમણ બગાડવા ફરતાં હતાં, તેઓ તેના મિષ્ટાન્નની કે તેના અપાર પ્રેમની પરવા ન કરતાં જુદાં જુદાં બાનાં કાઢવા લાગ્યાં. એકે કહ્યું કે, "મેં જમીન લીધી છે;" બીજાએ કહ્યું કે, "મેં પાંચ જોડ બળદ વેચાતા લીધા છે"; ત્રીજાએ કહ્યું કે, "હું સ્ત્રી પરણ્યો છું." આવાં આવાં બાનાં કાઢી સદ્‌ગૃહસ્થના પ્રેમમય આમંત્રણનો તેઓએ નકાર કર્યો. કેટલાં બધાં મનુષ્યો જુદાં જુદાં બાનાં કાઢી દેવનો મનોભાવ નકારે છે; ઇશ્વરે તૈયાર કરેલું પ્રેમમય ભોજન એટલે તેના સિદ્ધ કરેલા તારણોપાયની તેઓ અવગણના કરે છે. ઘણાં કહે છે કે, શાસ્ત્રાધ્યયન, પ્રાર્થના કરવાને અમને અવકાશ નથી, જગતની માયા વળગી છે, કામધંધો કરવાની જરૂર છે; પહેલાં પેટ, પછી વેઠ, ને પછી ઠેઠ. કેટલાંક કહે છે કે, જો અમે ખ્રીસ્તી થઇએ તો અમને મોટી અગવડ નડે, લોક અમારી નિંદા કરે, અમારૂં નામ બદનામ કરે; હા, અમારે સર્વ પ્રકારનું મોટું નુકસાન ખમવું પડે, માટે હમણાં તો અમારાથી ખ્રીસ્તનો સ્વીકાર થાય એમ નથી. વળી કેટલાંએક એવાં બાનાં કાઢે છે કે, પ્રભુની ભક્તિ કરવાનું અમને મન તો છે, અમે પાપી છીએ, સતગુરૂની અમને જરૂર છે, અને અમે તો ઇસુનેજ માનીએ છીએ; પરંતુ ઉઘાડી રીતે અમે ખ્રીસ્તી થઇએ, તો ન્યાતજાતમાં અમારી ચર્ચા થાય, અમને ન્યાત બહાર પણ મૂકવામાં આવે; માટે અમે ઉઘાડી રીતે ખ્રીસ્તનો સ્વીકાર કરી શકતાં નથી.

વળી જુઓ, ધર્મને ધોરણે ચાલનારાંઓને આ દુનિયામાં ઇશ્વિર શું સુખ આપે છે? આપણામાં કહેવત છે તે પ્રમાણે શું આપણે આ દુનિયાનો રંગ નથી જોતાં કે, "ધર્મીને ત્યાં ધાડ અને કસાઇને ત્યાં કુશળ?" સર્વશક્તિમાન કોણ છે કે અમે તેની સેવા કરીએ? અમે તેની પ્રાર્થના કરીએ તો તેથી અમને શો લાભ થાય? શું અમારી આબાદી અમારા પોતાના હાથમાં નથી? "જ્યાં તેં નથી વાવ્યું ત્યાંથી કાપનાર ને જ્યાં તેં નથી વેર્યું ત્યાંથી તું એકઠું કરનાર છે, એવો કરડો માણસ મેં તને જાણ્યો માટે હું બ્હીધો,"—એવાં એવાં અનેક બાનાંઓ દર્શાવીને સર્વકાળનું સુખ અને અવિનાશી વતન લોકો ગુમાવી દે છે; હા, જે આમંત્રણ આપનાર તે કેટલો મોટો છે અને તેની મીજબાની કેટલી

અમૂલ્ય છે, એ વિષે મનમાં વિચાર ન કરતાં લોકો આ દુનિયાના લાભ તરફ દોડી જાય છે. પરંતુ જો કોઇ પોતાના જીવાત્માનું તારણ સાધવાને માટે બેપરવા રહી કંઇ પણ બ્હાનું દેખાડશે, તો તે ઇશ્વરને પસંદ પડશે નહિ. તે કહે છે કે, "તમે પહેલાં દેવનું રાજ્ય તથા તેના ન્યાયીપણાને શોધો." જીવાત્મા આખા જગત કરતાં મૂલ્યવાન છે માટે તેને આત્મિક તૃપ્તિ પમાડવી એ સર્વ કરતાં આવશ્યક છે.

દાસનો આગ્રહ.—ખાણાની જગા ભરાઇ જાય એવી તે સદ્‌ગૃહસ્થની ઇચ્છા છે, અને ગમે તે મળે તેને બોલાવી લાવવાની આજ્ઞા થઇ છે તેથી તે દાસે કેટલી આતુરતાથી પોતાની ફરજ બજાવી હશે તેની જરા કલ્પના કરો. જાણે તેની મુખમુદ્રા, તેના હાથચાળા અને હાવભાવ એમ દર્શાવતાં ન હોયની કે, ચાલો, ચાલો, હમણાંજ અવકાશ છે; ઘડી વીતી જાય છે, હમણાંજ ચાલો, ઘરધણી તમારી રાહ જુએ છે; તમે ગમે તેવાં હો, ગમે તે સ્થિતિ કે પંક્તિનાં હો, તમને ઘરધણી બોલાવે છે; તમારૂં ગમે તેવું કામ હોય તે આ વેળાએ પડતું મૂકો; ઘરધણીની તમારા પરની ચાહના, ભારે શ્રમથી તથા પુષ્કળ દામ આપીને તૈયાર કરેલી મીજબાની—એ સર્વનો વિચાર હમણાંજ કરો, અને હમણાંજ તમારાં પગલાં તેના ઘર ભણી વાળો; રખેને ઉત્તમ ભોજનની વાનીઓ, ઘરધણીનો તમારા પરનો પ્યાર, અરસપરસના સમાગમનો વાર્તાલાપ,—એ સર્વ વિષે સાંભળીને પાછળથી તમને પસ્તાવું પડે, માટે આવેલી ઘડી ખોઈ નાખશો નહિ.

તમારા આત્માના બચાવને માટે સોના કે રૂપાનાણું આપવામાં આવ્યું નથી, પરંતુ દેવ જેણે આ તારણરૂપી જમણ તૈયાર કર્યું છે, તેણે જગત પર પ્રીતિ કરીને પોતાના એકાકીજનિત પુત્રને આપ્યો છે, એ માટે કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે સર્વકાળનું જીવન પામે. દેવના પુત્ર ઇસુ ખ્રીસ્તે આ જગતમાં અકથ્ય દુ:ખ વેઠીને વધસ્તંભ પર પોતાનું બલિદાન આપ્યું; તેના બલિદાનથી જગતમાં તેના પર વિશ્વાસ કરનારાઓનાં પાપ માફ થાય છે; તેની ખાતરી ઉપજાવવાને તે ત્રીજે દિવસે જીવતો થઇને ઉઠયો, ને હાલ મહાન પિતાની જમણી તરફ ઉચ્ચસ્થાને બેઠેલો છે. આ તૈયાર કરેલા તારણરૂપ ભોજનમાં જગતનાં

ભૂખ્યાંઓને તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત વિનયપૂર્વક આમંત્રણ આપે છે કે, "ઓ વૈતરૂં કરનારાંઓ તથા [પાપના] ભારથી લદાયલાંઓ, તમે સઘળાં મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ." વળી તેના દાસો પણ તેનો હુકમ માથે ચઢાવીને કહે છે કે, "અમે ખ્રીસ્ત તરફથી તમને આજીજી કરીએ છીએ કે દેવની સાથે તમે સમાધાન કરો."

વળી તારણરૂપ વાળુ તૈયાર કરનાર પ્રભુઓનો પ્રભુ અને રાજાઓનો રાજા પણ કરૂણા દર્શાવતાં પોતાના દાસોની મારફતે જગતનાં ભૂખ્યાંઓને કહે છે કે, "તમે શા માટે ભૂખે મરો! પ્રભુ યહોવાહ કહે છે કે, મરનારના મોતથી મને કંઈ પણ આનંદ થતો નથી, એ માટે તમે ફરો ને જીવતાં રહો." આ જગતનાં મનુષ્યોની ઉપર દેવને બહુ દયા આવે છે, માટે તે તેના દાસોની મારફતે તારણના જમણનું નહોતરૂં સુવાર્તાદ્વારા આપે છે. તેઓ પ્રગટ કરે છે, "પસ્તાવો કરો, ને સુવાર્તા પર વિશ્વાસ લાવો. હમણાંજ માન્યકાળ અને હમણાંજ તારણનો દિવસ છે."

આ જમણ આપનાર મહારાજા કોઇને પણ ધુતકારી કાઢે એવો નથી. ગમે તે દેશનો કે રંગનો કે પંક્તિનો કે સ્થિતિનો માણસ આવે તેને માટે રાજભુવનના દરવાજા પર આવો લેખ લખેલો છે કે, "જે કોઇ મારી પાસે આવે છે, તેને હું કાઢી નહિજ મૂકીશ." તો કલ્યાણની આકાંક્ષા રાખનારા, તમે શા માટે વિલંબ કરો છો? આ સ્વર્ગીય ભોજન પર તેડનાર ધરધણી શું સંકુચિત દિલનો છે? શું તેનું રાજગૃહ સંકુચિત છે? આવનારાંઓની ભરતીથી રાજગૃહની જગા શું સાંકડી પડે? શું તેનું સ્વર્ગીય ભોજન ખુટી પડે એમ છે? ના, ના, ધરધણી તો પોતાના દાસને કહે છે કે, "તેઓને આગ્રહ કરીને તેડી લાવ, કે મારૂં ધર ભરાઇ જાય." જમવા આવેલાંઓને તે કહે છે કે, "હે મિત્રો, ખાઓ; હે પ્રિય ભાઇઓ, પીઓ, હા, પુષ્કળ પીઓ." તો, હે તારણ પ્રાપ્તિની આશાએ ઠેકાણે ઠેકાણે ભટકનાર આત્માઓ, શા માટે ઢીલ કરો છો? હમણાંજ તમારાં પગલાં ધરધણી ઇશ્વરની ગમ વાળો. આ ઇશ્વરી મીજબાનીની સાથે આખી દુનિયાની જાહોજલાલી શું બરાબરી કરી શકશે? માટે આ મળેલી અમૂલ્ય તક જવા નહિ દેશો. હમણાં ઈશ્વર તમારી રાહ જોઇ રહ્યો છે; અને જો હમણાં આ ધડી તમે હાથમાંથી જવા દેશો તો જાણજો કે, ભયંકર જોખમ પાસે છે.

પ્રિય વાંચનાર, આ ખુશખબર દર્શાવનાર વાર્તા તરફ થોડી વાર ધ્યાન લગાડીને તેના શુભ સંદેશાનો થોડી વાર વિચાર કરજો. કોઇ મહાન પુરૂષ કે મહારાજાના રાજગૃહમાં જમણ પર જતાં જે આનંદ અને માન મળે, તે કરતાં મહારાજાધિરાજ પ્રભુનું જમણ શું તમારી દૃષ્ટિમાં હલકું લાગે છે? તેના આમંત્રણ કરતાં આ ક્ષણિક જગતનાં વાનાં તમને વધારે પ્રિયકર લાગે છે? કે શું તે સર્વ તજીને પ્રભુઓના પ્રભુનું ઉત્તમ ભોજન સ્વીકારવા તેની ગમ તમે આકર્ષાઓ છો? જગતનાં લાખો માણસો જુદાં જુદાં બાનાં કાઢીને મહારાજાધિરાજ દેવોના દેવના તેડાની અવગણના કરે છે. શું તમે પણ એમ કરો છો? કે, "મજ પાપી પર દયા કર", એવું બોલવાનું તમારૂં મન છે? જેઓ બાનાં દર્શાવીને આ પૃથ્વી પરનાં વાનાં પર પ્રેમ રાખી સ્વર્ગીય ભોજન એટલે તારણનો અનાદર કરે છે, તે તો મહારાજાના શત્રુઓ ઠરે છે, કેમકે મહારાજાના રાજ્યનિયમમાંનો એક નિયમ આ છે કે, "દૈહિક મન દેવ પર વૈર છે," અને એવાં મનવાળાંઓને માટે ઉત્તમ ભોજનને બદલે સદાકાળનું કારાગૃહ છે. કેટલાં બધાં મનુષ્યો ઈશ્વરનું તેડું ન ગણકારતાં "હમણાં ફુરસદ નથી, ફુરસદ નથી," એમ બોલી મળેલી તકને ખોઈ નાખે છે. પણ તમે પોતા વિષે સાવચેત રહો, પછી ગમે તો તમે રાજા હો યા કુલીન હો; રખે તમે તારણના ભોજનથી દૂર રહી જાઓ અને સિદ્ધ કરેલું ભોજન આત્મિક રીતે જેઓ રંક અને અકુલીન છે તેઓ જમી જાય. એ વિષે શાસ્ત્ર કહે છે કે, "જગતમાં ગણાતા ઘણા જ્ઞાનીઓને, ઘણા પરાક્રમીઓને, ઘણા કુલીનોને તેડવામાં આવ્યા નથી; પણ દેવે જ્ઞાનીઓને શરમાવવા સારૂ જગતના મૂર્ખોને પસંદ કર્યા છે, અને શક્તિમાનોને શરમાવવા સારૂ જગતના નિર્બળોને પસંદ કર્યા છે; અને જેઓ મોટા મનાય છે તેઓને નહિ જેવા કરવા સારૂ દેવે જગતના અકુલીનોને, ધિક્કાર પામેલાઓને તથા જેઓ કંઇ વિસાતમાં નથી તેઓને પસંદ કર્યા છે."

ફરો રે ફરો, શા સારૂ મરનાર
દેવ બોલાવે હમણાં પ્રેમ કરી અપાર.
ત્રિએક દેવ સંતાને કહે, આવો,
ભુંસું તજીને જીવનઅન્ન ખાઓ.

ચાલો ત્યારે, છેલ્લે હવે આપણે સાથે તારણના ભોજનની ગરબી ગાઇએ :—

સુણો સુણો, ત્રાતાની આ વાત જો;
તારણના ભોજનમાં સહુને નોતરો. ૧
ફરજો ફરજો ગુર્જર દેશે, ભ્રાત, જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૨
જાજો જાજો શહેરો ને સૌ ગામ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૩
જઇ રસ્તે, ચકલે ને સર્વે ઠામ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૪
ભૂખથકી બહુ જણનો જાયે પ્રાણ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૫
જુઓ, જુઓ, માગે બહુ જણ ત્રાણ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૬
તમ પર રાખે આશા વહાલો દેશ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૭
આપો આપો જઇને શુભ ઉપદેશ જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૮
રાખો રાખો ચિંતા સૌની, ભ્રાત, જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૯
પ્રીતે પ્રીતે કહેજો સહુને વાત જો;
તારણના ભોજનમાં સૌને નોતરો. ૧૦

સમાપ્ત

Printed and Published by R. S. Dickey,
at the Mission Press, Surat,
For the Gujarat Tract & Book Society.
First Edition : 10,000 Copies
1930